# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
## શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૮.૦૪.૨૦૧૯

**મહિલાઓ પુરૂષની સમોવડી બનીને કાર્યો તો કરી જ શકે છે, પણ તેનાથી વિશેષ સૃષ્ટીની રચના કરવામાં પણ મહિલાઓ જ અગત્યનો ભાગ ભજવે છે. - શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

**તમામ મહિલાઓ ઘર અને સમાજ બંનેની દરકાર લે છે, જે બાબત ખૂબ જ પ્રશંસાને પાત્ર છે. મહિલાઓના શબ્દકોષમાં એક જ વાક્ય હોય છે, "હું બધુ જ કરી શકું છું". - શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

**૨૦૧૪ પહેલાં આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાત ગૌરવથી જાણીતા હતાં. આજે તેઓ દેશનું ગૌરવ બની વિશ્વમાં સર્વસ્વિકૃત નેતા ગણાય છે. સમગ્ર વિશ્વમાં આગલી હરોળના નેતાઓમાં તેઓની ગણના થાય છે, અને વિશ્વનો એજન્ડા નક્કી કરવામાં તેઓ ચાવીરૂપ ભૂમીકા ભજવી રહ્યાં છે.- શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

**કોંગ્રેસ હંમેશા મુસ્લિમ સમાજને માત્ર તેમની વોટબેંક ગણતી આવી છે.**
**જ્યારે લોકલાડીલા વડાપ્રધાનશ્રીએ મુસ્લિમ બહેનો માટેનો ત્રણ તલાકનો કાયદો**
**લોકસભામાં પસાર કરાવી તેમાંથી મુક્તિ અપાવવાની પહેલ કરી છે - શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

**વિદેશોમાં ફસાયેલા ૨ લાખ ૨૬ હજાર ભારતીયોને કોઇપણ જાતના ભેદભાવ વગર સ્વદેશ પરત લાવવાનું કાર્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશનીતિને લીધે આ મુમકીન બન્યું છે. - શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં દેશમાં ૧૪ નવી એઇમ્સ, ૧૧૮ નવી મેડીકલ કોલેજો, ૯ આઇ.આઇ.ટી., ૯ આઇ.આઇ.એમ., ૧ એન.આઇ.ટી., ૧૦૩ જેટલાં કેન્દ્રિય વિદ્યાલયો અને ૬૨ જેટલાં નવોદય વિદ્યાલયોનું નિર્માણ થયું છે. - શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

**જેના હાથમાં દેશ સુરક્ષીત હોય તેને આ દેશની ધુરા સંભાળવા માટે મત આપવો જોઇએ. રાષ્ટ્રીય સુરક્ષા એ બધા મુદા કરતાં મહત્વનો મુદો છે - શ્રીમતી સુષ્મા સ્વરાજ**

-------------

આજરોજ કેન્દ્રિય વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજે અમદાવાદ ખાતે એક મહિલા સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે, મારો જન્મ હરીયાણામાં થયો છે. આ પ્રદેશમાં પહેલાં દિકરા અને દિકરી વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો હતો. દિકરો અને દિકરી સાથે જમવા બેસે ત્યારે દિકરાની દાળની કટોરીમાં ઘી નાંખવામાં આવતું અને દિકરીની કટોરીમાં ઘી નાંખવામાં નહોતુ આવતું. દિકરી માતાને પુછે કે, મારી કટોરીમાં ઘી કેમ નહીં તો માં કહેતી ઘી ખાઇને તું શું કરીશ ? ઘી ખાઇને તારે થોડું બુધ્ધીશાળી બનવું છે ? આ વિચારસરણી એ જમાનામાં હતી. જ્યારે મારા પિતા ખૂબ જ પ્રગતિશીલ વિચારસરણીવાળા હતાં. તેમણે ક્યારેય દિકરા અને દિકરી વચ્ચે ભેદભાવ રાખ્યો ન હતો. હું ઘણીવાર સાંભળતી હતી કે, દિકરીને કહેવામાં આવતું કે, તારામાં બુધ્ધી નથી, ત્યારે મારા મનમાં એક જ પ્રશ્ન થતો કે, સમાજમાં આવો ભેદભાવ કેમ રાખવામાં આવે છે. આની ઉપર મેં ઘણું અધ્યયન કર્યું ત્યારે જાણવા મળ્યું કે, પ્રાણીઓમાં કોઇ શક્તિશાળી હોય તો તે સિંહ છે પરંતુ સિંહ ક્યારેય શિકાર કરવા જતો નથી. શિકાર તો માત્ર સિંહણ જ કરે છે. સિંહણ શિકાર કરીને લાવીને સૌ પહેલાં સિંહને આપે છે. પછી તેના બચ્ચાઓને આપે છે. સિંહણ જ પોતાના બચ્ચાઓને શિકાર કરતાં શિખવાડે છે. બીજા અધ્યયન ઉપરથી મેં જાણ્યું કે, હાથી હંમેશા ઝુંડમાં જ રહેતો હોય છે, અને આ ઝુંડનું નેતૃત્વ હાથણી જ કરતી હોય છે. આ ઝુંડને જ્યારે તરસ લાગે ત્યારે પાણીની જગ્યાએ હાથણી જ લઇ જતી હોય છે. સિંહણ શક્તિશાળી છે, તો હાથણી બુધ્ધીશાળી છે. મહિલાઓ પુરૂષની સમોવડી બનીને કાર્યો તો કરી જ શકે છે, પણ તેનાથી વિશેષ સૃષ્ટીની રચના કરવામાં પણ મહિલાઓ જ અગત્યનો ભાગ ભજવે છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રીમતી સુષ્મા સ્વરાજે ઉપસ્થિત કર્મનિષ્ઠ મહિલાઓને સંબોધતા જણાવ્યું હતું કે, તમામ મહિલાઓ ઘર અને સમાજ બંનેની દરકાર લે છે, જે બાબત ખૂબ જ પ્રશંસાને પાત્ર છે. મહિલાઓના શબ્દકોષમાં એક જ વાક્ય હોય છે, "હું બધુ જ કરી શકું છું". ૨૦૧૪ પહેલાં આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાત ગૌરવથી જાણીતા હતાં. આજે તેઓ દેશનું ગૌરવ બની વિશ્વમાં સર્વસ્વિકૃત નેતા ગણાય છે. સમગ્ર વિશ્વમાં આગલી હરોળના નેતાઓમાં તેઓની ગણના થાય છે, અને વિશ્વનો એજન્ડા નક્કી કરવામાં તેઓ ચાવીરૂપ ભૂમીકા ભજવી રહ્યાં છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ૨૧ જૂન ને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઘોષિત કરાવીને સમગ્ર દુનીયામાં ભારતનો ડંકો વગાડ્યો છે. કોઇપણ વૈશ્વિક મંચ પર ભારતીય સંસ્કૃતી અને દર્શનની વિશ્વને અનુભૂતિ કરાવી છે.

એર સ્ટ્રાઇક અમારા માટે બહું ચેલેન્જીંગ કામ હતું. અમે નક્કી કર્યુ હતું કે, પાકિસ્તાનના એક પણ નાગરિકને અને સૈનિકને ઈજા ન થવી જોઇએ. આપણો ટાર્ગેટ માત્ર મસુદ અઝહરના આતંકીઓ જ હતાં જેણે પુલવામા હુમલાની જવાબદારી લીધી હતી. સેનાએ એટલી સરસ કામગીરી કરી કે, પાકિસ્તાનનો એક પણ સિપાઇ અને નાગરિક તેમાં ન મર્યો, અને આપણે આપણું મિશન પુરૂ કર્યુ. આ મિશન વિષે જ્યારે અમે ઈન્ટરનેશનલ સ્તરે જણાવ્યું ત્યારે દરેક રાષ્ટ્રોએ આ બાબતે ભારતને સમર્થન આપ્યું હતું. ત્યારબાદ અમે ઓ.આઇ.સી. માં પાકિસ્તાનને અલગ થલગ કર્યું. આ મોદી છે તો જ મુમકીન છે.

શ્રીમતી સુષ્મા સ્વરાજે દેશના વિકાસની વાતો કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને સ્વચ્છતા મિશન અંતર્ગત ૯૮ ટકા સફળતા મળી છે, તેનું મુળ કારણ દેશમાં બનાવવામાં આવેલ ૧૦ કરોડ શૌચાલયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પાંચ વર્ષમાં ૧૩ કરોડ ગેસકનેકશન આપ્યાં, તેમાં ૬ કરોડ ગેસ કનેકશન ઉજ્વલા યોજના અંતર્ગત આપ્યાં છે જેના થકી મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળ્યો છે. આ માત્ર ગેસનો ચૂલો જ નહોતો, તેમાં મહિલા સશક્તિકરણની પણ વાત છે. આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ ગરીબોની ચિંતા કરીને તેઓને મળવાપાત્ર સરકારી લાભ કોઇ વચેટીયાઓ પડાવી ના લે તે માટે ઝીરો બેલેન્સથી ૩૪ કરોડ જન ધન એકાઉન્ટ થકી બારોબાર તેમના ખાતામાં જમાં કરાવવાની વ્યવસ્થા કરી, દેશમાં પહેલાં ૭૭ પાસપોર્ટ કેન્દ્રો હતાં, દેશની જનતાને પાસપોર્ટ કઢાવવા માટે સરળતા રહે તે માટે આજે આ કેન્દ્રો વધારીને ૫૦૫ જેટલા કર્યા છે. પહેલાં કોગ્રેસના શાસનમાં પ્રતિદિન ૧૨ કિ.મી નેશનલ હાઇ-વેનું કામ કરવામાં આવતું હતું, જે આજે પ્રતિદિન ૨૯ કિ.મી બને છે.

શ્રીમતી સુષ્મા સ્વરાજે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના ૫૫ વર્ષના શાસનકાળ દરમ્યાન ન કરી શકે તેવા કાર્યો એન. ડી. એ. ની સરકારે માત્ર ૫ વર્ષમાં જ કરી બતાવ્યાં છે. વિદેશોમાં ફસાયેલા ૨ લાખ ૨૬ હજાર ભારતીયોને કોઇપણ જાતના ભેદભાવ વગર સ્વદેશ પરત લાવવાનું કાર્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશનીતિને લીધે આ મુમકીન બન્યું છે. ૨૦૧૪ પહેલાં દેશની અર્થવ્યવસ્થા વિશ્વમાં ૫ નબળી અર્થવ્યવસ્થામાં ગણવામાં આવતી હતી. જે આજે વિશ્વની ૬ઠ્ઠી સૌથી શ્રેષ્ઠ અર્થવ્યવસ્થા તરીકે બની છે. સ્વાસ્થ્ય ક્ષેત્રમાં દેશને ૧૪ નવી એઇમ્સ આપવામાં આવી છે, તદઉપરાંત ૧૧૮ મેડીકલ કોલેજો બનાવવામાં આવી છે. આ ઉપરાંત ૯ આઇ.આઇ.ટી., ૯ આઇ.આઇ.એમ., ૧ એન.આઇ.ટી., ૧૦૩ જેટલાં કેન્દ્રિય વિદ્યાલયો અને ૬૨ જેટલાં નવોદય વિદ્યાલયોનું નિર્માણ કરીને દેશની શિક્ષણ પ્રણાલી સુદ્રઢ કરવાનો પ્રયત્ન કરાયો છે.

શ્રીમતી સુષ્મા સ્વરાજે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપા અને એન.ડી.એ. સરકાર માત્ર ને માત્ર ગરીબો માટે કામ કરતી સરકાર છે. આ સરકાર કોઇ પણ જાતનો ભેદભાવ રાખતી નથી. ભાજપા હંમેશા **સૌનો સાથ સૌનો વિકાસ**ના મંત્ર સાથે કામ કરે છે. આપણે સવર્ણ વર્ગના ગરીબ લોકોને ૧૦ ટકા અનામત આપી છે. આ અનામત દેશમાં લાગુ એસ.સી.એસ.ટી.ના ક્વોટામાં કોઇપણ જાતનો ફેરફાર કર્યા વગર આપવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી મધ્યમવર્ગનો વિચાર કરીને રૂ. પાંચ લાખ સુધી આવકવેરાની મર્યાદમાંથી મુક્તિ આપી છે. જ્યારે કોંગ્રેસના શાસનકાળમાં દેશના મધ્યમવર્ગના લોકોની અવગણના કરી તેમની ઉપર કરવેરાનો વધુ ને વધુ બોજો નાંખવામાં આવતો હતો. કોંગ્રેસ દ્વારા હંમેશા મુસ્લિમ સમાજને તેમની વોટબેંક ગણતી આવી છે. જ્યારે લોકલાડીલા વડાપ્રધાનશ્રીએ મુસ્લિમ બહેનો માટેનો ત્રણ તલાકનો કાયદો લોકસભામાં પસાર કરાવી તેમાંથી મુક્તિ અપાવવાની પહેલ કરી છે. આ ઉપરાંત મુસ્લિમ હજયાત્રીઓ માટે હજનો ક્વોટા બે લાખ સુધીનો કરવામાં આવ્યો છે.

શ્રીમતી સુષ્મા સ્વરાજે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પાંચ વર્ષમાં આટલી તેજ ગતિથી દેશના વિકાસ કાર્યો કેવી રીતે કર્યા તેનો જવાબ છે કે, તેમની પાસે સંપૂર્ણ બહુમતીવાળી સરકાર હતી. જો ગઠબંધનની સરકાર હોય તો આ તેજ ગતિથી વિકાસ કાર્યો કરવા સંભવ નથી.

શ્રીમતી સુષ્મા સ્વરાજે અંતમા જણાવ્યું હતું કે, જેના હાથમાં દેશ સુરક્ષીત હોય તેને આ દેશની ધુરા સંભાળવા માટે મત આપવો જોઇએ. રાષ્ટ્રીય સુરક્ષા એ બધા મુદા કરતાં મહત્વનો મુદો છે.

આ મહિલા સંમેલનમાં પ્રદેશ ભાજપા મહિલા મોરચા અધ્યક્ષા ડો. જ્યોતિબેન પંડ્યા, અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, અમદાવાદ શહેર ભાજપા મહિલા મોરચા અધ્યક્ષા શ્રી દિપીકાબેન ત્રિવેદી, મહિલા કોર્પોરેટરશ્રીઓ અને વિશાળ સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૧૮.૦૪.૨૦૧૯

-------------

## ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ

આવતીકાલે તારીખ ૧૯, એપ્રિલ, ૨૦૧૯ શુક્રવારે સવારે ૧૧.૧૫ કલાકે છોટાઉદેપુર ખાતે તથા
બપોરે ૧.૩૫ કલાકે વલસાડ ખાતે જંગી જાહેરસભાને સંબોધશે - શ્રી જીતુભાઇ વાઘાણી

-------------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ **શ્રી અમિતભાઇ શાહ આવતીકાલે તારીખ ૧૯ એપ્રિલ, ૨૦૧૯ શુક્રવારે સવારે ૧૧.૧૫ કલાકે છોટાઉદેપુર ખાતે તથા બપોરે ૧.૩૫ કલાકે વલસાડ** ખાતે જંગી જાહેરસભાને સંબોધશે.

આગામી લોકસભા ચૂંટણી અન્વયે સમગ્ર ભારતમાં કેસરિયો માહોલ પ્રસરી રહ્યો છે ત્યારે ગુજરાતની જનતાના આશીર્વાદ અને લાખો કાર્યકર્તાઓના પરિશ્રમથી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનું કમળ ખીલશે.

## ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| **૧૯.૦૪.૨૦૧૮ શુક્રવાર** | સવારે ૧૧.૧૫ કલાકે | **છોટાઉદેપુર લોકસભા - જાહેરસભા**<br>સ્થળઃ એપીએમસી ગ્રાઉન્ડ, બોડેલી, છોટાઉદેપુર |
| | બપોરે ૦૧.૩૫ કલાકે | **વલસાડ લોકસભા - જાહેરસભા**<br>સ્થળઃ માલનપાડા, તા. ધરમપુર, વલસાડ |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ